No Pages to Display

Jyotsna Shardhun. 30/5/32

નવી ગરબાવળી

લેખક

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

卐

પ્રકાશક

આલોકાન કાર્યાલય, વડોદરા

આવૃત્તિ ૧-લી
પ્રત ૧૧૦૦
સંવત્ ૧૯૮૭

(સર્વ હક્ક લેખકને સ્વાધીન)

કીંમત ૦-૪-૦

મુદ્રક :
અંબાલાલ વિઠ્ઠલભાઇ ઠક્કર
કુહાણામિત્ર સ્ટીમ પ્રીં. પ્રેસ,
વડોદરા. તા. ૧૫-૯-૧૯૩૧

એ બોલ

કુદરત એ જીવનનું ઉત્પત્તિક્ષેત્ર છે. તેનાં વિવિધ અંગોમાંથી જ અનેક રસમય ઝરણાં ઝરી, જીવનનાં મૂળને પોષણ આપી તેને નવપલ્લવ રાખે છે. જેમ ગમે તેટલાં જપ, તપ, યોગ, યજ્ઞ, દાન, પુણ્ય વગેરે લવ સત્સંગની તોલે આવતાં નથી; તેમ કૃત્રિમતાના કેટલાયે ઠાઠમાઠ કે એમાંથી સુખોપભોગ મેળવવાની લાલસાવાળાં હૈયાંઓએ પેદા કરેલી, રાગ-વિરાગમય ભાવનાઓની વિવિધ સૃષ્ટિઓ માંહેની કોઈપણ વસ્તુનો આનંદ તે રંચ જેટલા પણ કુદરતના સંસર્ગનો આનંદની તોલે આવતો નથી. આથી જ જગત મૃગજળ જેવી કૃત્રિમ રચનાઓથી થાકીને વિશ્રાંતિ લેવા પ્રકૃતિસૌંદર્યના નિર્મળ સરોવર તરફ તરસ્યાં હરણાંની પેઠે ધસતું આવે છે.

કાવ્યમાં પણ એજ અનુભવ દૃષ્ટિગોચર થાય છે. અનેક પ્રકારની ઉલ્લાસ ભરી ભાવનાઓમાં અથડાઈને શ્રમિત થએલું હૃદય છેવટે પ્રકૃતિની સાદી પ્રતિમામાં કે તેના શબ્દચિત્રમાં માતાની ગોદ જેવી મધુરી શીતળતા અનુભવે છે.

'નવાં ગીતો' માટેનો આ પ્રકારનો અનુભવ આજ ૧૦-૧૫ વર્ષથી-તે પ્રસિદ્ધ થયા અગાઉનો છે. અને વિશેષે કરીને બાલહૃદય જેણે પ્રકૃતિમાતાની હુંફાળી ગોદ હજુ તજી નથી હોતી, તેના આશીર્વાદ એમના

ઉપર પૂણ ઉતર્યા છે. કેમકે એમાં એને પ્રકૃતિનું કંઇક દર્શન થાય છે એમ બાલપ્રેમી સજ્જનો અને અનુભવીઓના અભિપ્રાય થયા છે.

'નવાં ગીતો' માત્ર પુત્રો માટેજ નહોતાં, પણ તેમાં કંઇક વધારે અંશે તેમજ કંઇક વધુ મીઠું એવું હોય તો તે કન્યાઓના ભાગનું હતું: અને તે ભાગને ઘણી કન્યાશાળાઓ, રાષ્ટ્રીયશાળાઓ, ખાનગી સંસ્થાઓ તથા ફીમેલ ટ્રેનિંગ કોલેજોએ પણ અપનાવ્યો છે.

ચાલુ ટેક્સ્ટ તરીકે મંજુર થએલી ગરબાવળીઓ અને રાસનાં પુસ્તકોની સરખામણીમાં પણ જ્યારે ઉપર જણાવ્યા પ્રમાણેની અભિરુચિ શાળાઓની અને બાળાઓની મેં જોઇ ત્યારે અને 'નવી ગરબાવળી' પ્રસિદ્ધ કરવાની ઇચ્છા થઇ; પરંતુ તે અનુકૂળતાને અભાવે કેટલીક મુદ્દત સુધી બર ન આવી; આજે તે પૂર્ણ કરૂં છું. તેનો સત્કાર થવો કે ન થવો એનો આધાર તેના સત્ત્વ ઉપર રહેશે.

આ 'નવી ગરબાવળી'માં કાવ્યો જૂનાં અને નવાં બન્ને છે. તે બધાં રાસની રીતે હીંચ કે ત્રિતાલમાં સુંદર રીતે ગાઇ શકાય છે. અતિશય લાંબા રાસ કે જેનાથી બાળાઓ બોલતાં કે મુખપાઠ કરતાં કંટાળે છે તેવા આમાં નથી; તેથી રાસપ્રેમીઓનાં 'ટુંકાં અને મીઠાં' ગુંજન થઇ પડયાં છે, અને હજુ પણ થશે એવી આશા છે.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

અર્પણ

આ 'નવી ગરબાવળી' હુલકથી
ગાતી અને છટાથી રાસમાં તાલબદ્ધ
ઘૂમતી, 'ભાવિ સજ્જનની જનની',
પ્રકૃતિની પ્રતિમા સમી બાલિકાઓને
નમ્રતાથી પૂજ્યભાવે અર્પણ કરૂં છું.

ત્રિભુવન ગૌરીશંકર વ્યાસ

બાલોદ્યાન બાલસાહિત્યમાળા

૧ રમેશની મુસાફરી

વાર્તા જેટલું જ રસિક આ પ્રવાસ-વર્ણન બાળકોને જરૂર ગમશે

કી. ૦-૧-૬

*૨ વીર કથાઓ ભાગ ૨ જો

જેમની રગેરગમાં દેશપ્રેમ ભર્યો છે જેમણે પોતાના દેશ બન્ધુઓ માટે પ્રાણ પાથર્યા છે તેવા દશ વીરોની કથાઓનો આ સંગ્રહ તમારી લાયબ્રેરી માટે જરૂર વસાવો.

૩. બાપુજીના પત્રો

બાપુજીના પત્રોનાં વખાણ શાં ? શ્રી. કનુ દેસાઇનો, બાપુજીના, સુન્દર સ્કેચ સાથેના આ નાનકડા સંગ્રહની એક નકલ જરૂર વસાવી લેજો કીંમત -૧-૬

૪ બે બાલવાર્તાઓ

બાળકો હોંશે હોંશે વાંચે તેવી સાદી છતાં રસિક શૈલીમાં લખાએલી બે બાલવાર્તાઓ. કીંમત. ૦-૧-૬

સુન્દર છપાઇ સુન્દર પૂઠાં.

ચારે ય ચોપડીઓ માટે ૦-૮-૦ની ટિકિટ મોકલો.

લખો—તન્ત્રી : 'બાલોદ્યાન' વડોદરા.

* પ્રાથમિક શાળાઓ માટે મંજુર થયેલી

અનુક્રમણિકા

૧.	જન્મભૂમિ	૧
૨.	ઉષાનો રાસ	૪
૩.	વાદળીની રમત	૫
૪.	રૂપાળી રાતડલી	૬
૫.	મોતીડાં વીણાવે છે !	૭
૬.	તળાવડી	૯
૭.	ચંદા	૧૦
૮.	વાદળી	૧૨
૯.	તારલિયા	૧૩
૧૦.	સંતાકૂકડી	૧૪
૧૧.	અમારી વાડી	૧૬
૧૨.	મેઉલો	૧૭
૧૩.	કોયલડી	૧૮
૧૪.	મોરલો	૧૯
૧૫.	કોયલડીને	૨૦
૧૬.	સોનેરી વીજળી	૨૨
૧૭.	મારો ચોક	૨૩

૧૮.	સ્નેહના સાગર	૨૫
૧૯.	પ્રેમબંસરી	૨૬
૨૦.	રઢીઆળી રાત	૨૮
૨૧.	સહજ આનંદ	૩૦
૨૨.	કુમારિકા	૩૨
૨૩.	ગૃહિણી	૩૫
૨૪.	જનની	૩૮

નવી ગરબાવળી

જન્મભૂમિ

જય જન્મભૂમિ, ભારતમાતા
નમીએ તુજને નેહથી,
જય પુણ્યભૂમિ, ભારતમાતા
સ્તવીએ તુજને સ્નેહથી; ॥ ધ્રુવ ॥

અતિ શુભ કર્મોના યોગબળે,
બહુ જન્માંતરનાં પુણ્યફળે,
તવ અંક મહીં અવતાર મળે; જય૦

તુજ પુનિત હવાથી પ્રાણ ધરૂં,
તુજ અન્નજળે હું ઉદર ભરૂં
તુજ પ્રેમળતાનાં પાન કરૂં; જય૦

તું ધર્મ હૃદય ધરનારી છો,
તું કર્મ વિમળ કરનારી છો,
તું પાતકને હરનારી છો; જય૦

પ્રભુના અવતારતણી ધરણી,
તું તીર્થંકરની વિચરણી
છો પયંગબરની તું જનની; જય૦

જ્યાં ડ્હાડ ઉંચા હિમથી ઉજળા,
જ્યાં વહતી સરિતાઓ સુજળા
જ્યાં ધરતી રસકસથી સુફળા; જય૦

જ્યાં જંગલનાં ઝુકયાં ઝાડો,
જ્યાં દુર્ગ સમા ઉભા ડ્હાડો,
જ્યાં ડણુકે સિંહ કઇ ત્રાડો; જય૦

જ્યાં વાયુ સુખકારી વહતો,
જ્યાં સૂરજ સમધારણ તપતો,
જ્યાં રત્નાકર નિત ઘૂઘવતો; જય૦

તુજ શૌર્ય સતીત્વ જગે પ્રકટયાં,
ઉર ભક્તિતણાં તો : પુર ઉલટયાં,
તપ ત્યાગ તણી તુજ ન્યારી છટા; જય૦

ધરી સંયમ સત્ય અહિંસાને,
નિજ ને પરનું હિત કરવાને
તેં પાઠ પઢાવ્યા દુનિયાને; જય૦

તુજ શિલ્પ રૂઠાં સાહિત્ય કળા,
સ્વર સંગીતના મધુરા વિમળા,
બહુ ઉત્તમ તવ બુદ્ધિ પ્રબળા; જય૦

તુજ શિક્ષણ બહુ દેશે લીધું,
તુજ જ્ઞાનામૃત જગતે પીધું,
તેં કુટુંબ વસુધાનું કીધું; જય૦

સ્તવીએ = સ્તુતિ કરીએ
જન્માંતર= ફરી થતો જન્મ
અંક = ખોળો
પાતક = પાપ
જનની = જન્મ આપનારી
ડણકે = ગર્જના કરે
છટા = ખૂબી
વસુધા = પૃથ્વી

ઉષાનો રાસ

કંઇ સાગરને સીમાડે રે,
કંઇ ધરતીને પરથારે રે,
કંઇ ડુંગરિયાની ધારે રે,
કંઇ ભારે ચંપકવરણી ઉષા ઉઘડી રે !

કંઇ ભમરાના ગુંજનમાં રે,
કંઇ કોકીલના કૂજનમાં રે,
કંઇ પ્રભુલીલા પૂજનમાં રે,
કંઇ વનમાં ચંપકવરણી ઉષા ઉઘડી રે !

કંઈ ઘંટી મધુરી વાજે રે,
કંઇ ગોરસમંથન ગાજે રે;
કંઇ હર્ષભર્યાં તન તાજે રે,
કંઇ રાજે ચંપક વરણી ઉષા ઉઘડી રે !

કંઇ પ્રભાતિયાંની હલકે રે,
કંઇ ઝાંખી ચંદ્રાઝલકે રે,
કંઇ ઊઠયાં બાળક મલકે રે,
કંઇ છલકે ચંપકવરણી ઉષા ઉઘડી રે !

વાદળીની રમત

અલી વાદળડી ! તારી રમત મારે રમવી છે !
અલી વાદળડી ! તારી રમત મારે રમવી છે ! ॥ ધ્રુવ ॥

તારે ચોક મજાનો કેવો છે !
કુદરડી ફરવા જેવો છે; અલી૦
એમાં ખૂણાખચકા ક્યાંઇ નથી,
તું તોપણ ક્યાં સંતાઇ જતી ? અલી૦
તું તો સાંજ સવારે રંગાતી,
વળી ધોળી શાથી થઇ જાતી ? અલી૦
તમે સહિયર સઘળી રાસ રમો,
પણ મૂંગી મૂંગી કેમ ભમો ? અલી૦
મને તેડી તારે ઘેર જજે,
પછી અદ્ધર ઉડતાં શીખવજે; અલી૦
ચડી મેઘઘટાના ઘુમટ પર,
તું નાચે શી થૈ થઇ નટવર ! અલી૦
તારી નોબત ગડુડ બજાવા દે,
પેલી વીજલડી ચમકાવા દે; અલી૦
સખિ ! આપણ ગોઠડલી કરીએ,
પછી જગ પર અમી ઝરણે ઝરીએ; અલી૦

રૂપાળી રાતડલી

હું રૂપાળી રાતડલી ને ચમકે મારો ચાંદલિયો ! (૨)
ચાંદાના ચમકારા જો !
તેજના પુઆરા જો !
દૂધડિયાંની ધારા જો !
હું રૂપાળી રાતડલી ને ચમકે મારો ચાંદલિયો !

ઝીણાં ઝીણાં ચાંદરડાં ને ઝગમગ ઝગમગ થાય જો (૨)
મોતી વેર્યાં ચળકે જો !
ફુલડાં ખીલ્યાં ફરકે જો !
મુખડાં મીઠાં મલકે જો !
હું રૂપાળી રાતડલી ને ચમકે મારો ચાંદલિયો !

કાળી ધોળી વાદળીઓ ને ફરતી આલે ફેરા જો (૨)
સાગરજળની લહેરો જો !
રાસરમણ-રસઘેલો એ તો-
સાહેલીનો ઘેરો જો !
હું રૂપાળી રાતડલી ને ચમકે મારો ચાંદલિયો !

મોતીડાં વીણાવે છે !

રજની માગી રમવા નીસર્યાં–
એક દિવસ અંધારામાં,
સસરાજી સૂરજ સંગાથે–
ગયા હતા ચાંદામામા; રજની૦

લાજ તજી લટ છુટી મેલી–
રમવા કારણ કમર કસી,
અવની ઉપર ને આકાશે–
નાચ જમાવ્યો ખૂબ હસી ! રજની૦

પહાડની ખીણોમાં નાચ્યાં,
નાચ્યાં ઉંચાં શૃંગોમાં,
સાગરના જળ ઉપર નાચ્યાં–
કરતાં મોજ તરંગોમાં ! રજની૦

આકાશે જઇ આનંદે એ–
ફરવા લાગ્યાં ફુદરડી !
ત્યાં તો નવલખ મોતીની સર
ફંગોળાતી તૂટી પડી ! રજની૦

આભે મોતીડાં વેરાણાં–
ચોગમ ફરતાં રણું છણું !

ચાંદામામા ઘેર પધાર્યા–
ત્યારે તે શરમાયાં ઘણું ! રજની૦

ત્યાર પછીથી બત્તી લઈને–
ચાંદામામા આવે છે,
રજની સામીને આલેથી–
મોતીડાં વીણાવે છે ! રજની૦

તળાવડી

ખોળા સમોવડી ભરી તળાવડીમાં–
નાની શી નાવડી ઝૂલતી જી રે !
એમાં એકલડી હીંચું સાહેલડી !
આનંદઘેલડી હું ફૂલતી જી રે ! ખોળા૦

અમીરસ પાણીડાં પાંખાળી પાવડી–
વીંઝું ત્યાં આભને વીંછળે જી રે !
ભીંજે સૂરજ ને ભીંજે ચાંદલિયો,
નવલખ તારલા નીતરે જી રે ! ખોળા૦

ત્રપકતી ત્રપ ત્રપ સોનેરી વાદળી–
ફરે ગગનમાં ફુદડી જી રે !
રસબસ હૈયાં ભીંજે રસીલાં,
ભીંજે મારી નવરંગ ચુંદડી જી રે ! ખોળા૦

પાણીડાં હલકે ને છલકે તળાવડી–
આખા જગતમાં રેલતી જી રે !
જ્યાં જ્યાં રેલે ત્યાં ભરતી આનંદની,
દુઃખડાં દૂર કરી મેલતી જી રે ! ખોળા૦

આવો આવો સૌ આવો સાહેલડી–
નિર્મળ જળ પર ઝીલવા જી રે !
નિત નિત નૌતમ ખીલતી સુંદર–
કુસુમકળી સમ ખીલવા જી રે ! ખોળા૦

ચંદા

ઉંચે આભે રે
પેલી ચંદા રમે, મતવાલી ભમે,
એ તો સૌને ગમે;
ઉંચે આભે રે પેલી ચંદા રમે!

કેવી દીપે રે
જાણે મંડપની-મધ્ય ચંદ્રમણિ!
એવી મનહરણી!
ઉંચે આભે રે પેલી ચંદા રમે!

એને અંગે રે
અમીઝરણ ઝરે, તેમાં તારા તરે,
ચમકારા કરે!
ઉંચે આભે રે પેલી ચંદા રમે!

એનું મુખડું રે
ગોરૂં ગોળ દીસે, અજવાળાં હસે!
તેના મે વરસે!
ઉંચે આભે રે પેલી ચંદા રમે!

એને ઘેરે રે
કે વાદળડી, થઇ સાહેલડી

ફરે કુદરડી !
ઉંચે આભે રે પેલી ચંદા રમે !

ખીલે નિત નિત રે
દેવકન્યા સમી, આકાશે ભમી,
સીંચે સૌમાં અમી !
ઉંચે આભે રે પેલી ચંદા રમે !

વાદળી

વીજ ચમકે મેહુલિયો ગાજે છે.
કરે મોર મીઠા ટહુકાર;
વાદળી ઘૂમે છે !

નેન ચમકે હેતડલાં ગાજે છે,
કરે હૈયાં મીઠા ટહુકાર;
વાદળી ઘૂમે છે !

દિવસે ચમકે રાતડલી ગાજે છે,
એમાં મીઠા જીવન–ટહુકાર;
વાદળી ઘૂમે છે !

બ્રહ્મ ચમકે ને બ્રહ્માંડ ગાજે છે,
કરે આત્મા ઉંડા ટહુકાર;
વાદળી ઘૂમે છે !

તારલિયા

ચંદ્રાનો નવલખ હાર, જગમગ તારલિયા;
ઘેરાણો ઘન અંધાર, જગમગ તારલિયા.

શીદ રવડો દિવસ રાત, જગમગ તારલિયા;
એક કહું મજાની વાત, જગમગ તારલિયા.

ત્યાં છે અંધારૂં ઘોર, જગમગ તારલિયા;
અહીં અજવાળાનું જોર, જગમગ તારલિયા.

કરી રાખું કંઠે માળ, જગમગ તારલિયા;
શિર કલગી ઝાકઝમાળ, જગમગ તારલિયા.

છો ઉતરો લઇ આકાશ, જગમગ તારલિયા;
હું રાખીશ મારી પાસ, જગમગ તારલિયા.

સંતાકૂકડી

સંતાકૂકડી રમે ચાંદલિયો સંતાકૂકડી રમે !
રાતડલીને સમે ચાંદલિયો સંતાકૂકડી રમે ! ॥ ધ્રુવ ॥

કાળી ધોળી વાદળીના ઘેરામાં ઘૂમતો
ઉગે અને આથમે,
ચાંદલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

કોક કોક વાદળીની પાછળથી એને
કુંઆરા છોડવા ગમે,
ચાંદલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

કોઇને માથે તો કોઇને ખંભે,
કોઇને ચરણે નમે,
ચાંદલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

કોઇક વાદળીના ખોળામાં સૂઈ જઇ,
ક્યારેક વળી વિરમે,
ચાંદલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

દૂધની પીચકારી વાઠળીના મોં પર–
મારીને ભાગતો લમે !
ચાંઠલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

છોટી પકડવા આવે તો એને–
દોડાવતો એ દમે !
ચાંઠલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

મોટી જો પકડીને પૂરે તો એનું–
હસતો હસતો ખમે !
ચાંઠલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

હું પેલી નાનકીક વાઠળીનો લેરૂ,
તમે કોના છો તમે ?
ચાંઠલિયો સંતાકૂકડી રમે !
સંતાકૂકડી૦

અમારી વાડી

સાહેલી ! અણમોર્યો મારે-
અમૃત આંબો મોર્યો જીરે !
સોનેરી કુંપળીએ કોળ્યો,
કેસર રંગે રોળ્યો જીરે !
ઘેરી ઘટાઓ ઝૂકે એમાં-
કાળી કોયલ કૂકે જીરે !
મંજરીઓ શી મ્હેકે ! મારો-
બાગ બધોયે મ્હેકે જીરે !
પંખી ગીતડાં ગાતાં ઉડે-
આનંદે મદમાતાં જીરે !
મોરલા પીંછ ઉછાળે નાચી-
સરવરિયાની પાળે જીરે !
હંસો જળ હિંચોળે રમતા-
તરંગ કેરી છોળે જીરે !
વાયુ વાતા ધીમે જોરે
ફુલડાં તેમાં ફોરે જીરે !
આવો અમારી વાડી જોવા
દિલનાં દુઃખડાં ખોવા જીરે !

મેઉલો

(ભેટે ઝૂલે છે તલવાર-વીરાજીની ભેટે ઝૂલે રે એ રાહમાં)

આવે રે મેઉલા આવ
મેઉલા અશાડના રે ॥ ધ્રુવ ॥

ઘેરી ઘેરી વાદળી જળે ભરી રે (૨)
વરસી ઝરમર જાય;
મેઉલા અશાડના રે
આવ રે૦

ઝબકે ઝબઝબ વીજળી રે (૨)
વાદળ ધમમમ થાય;
મેઉલા અશાડના રે
આવ રે૦

નદીએ પાણી રેલશે રે (૨)
ધરતી ડુબ ડુબ થાય
મેઉલા અશાડના રે
આવ રે૦

ખેતર ખેડુત વાવશે રે (૨)
કપાસ ને કણ થાય;
મેઉલા અશાડના રે
આવ રે૦

કોયલડી

હીંચે હુલરતી હીંચે કોયલડી
આંબાની કુંજમાં (૨) ॥ ધ્રુવ ॥

રસભરી મંજરીઓ ચાંચેથી ચુગતી,
ટુહુ ટુહુ ટહુકા કરતી–
કોયલડી, આંબાની કુંજમાં; હીંચે૦

કુંળી કુંપળીઓને વસંત ચૂમે,
જોઇ જોઇ ઘેલી એ ઘૂમે–
કોયલડી, આંબાની કુંજમાં; હીંચે૦

ભમરાની પાંખ પર સારંગી ગુંજે,
એમાં વસંતગીત કૂજે–
કોયલડી, આંબાની કુંજમાં; હીંચે૦

વનમાં વસંત જેમ ફૂલે ને ફાલે,
તેમ તેમ મસ્તાની મ્હાલે !
કોયલડી, આંબાની કુંજમાં, હીંચે૦

મોરલો

મારે ગામને ગોંદરે રાજ મોરલો બોલે છે !

એને મીઠડે ટહુકે રાજ ડુંગરા ડોલે છે !

એનો કંઠ ગળકતાં રાજ અંબર ગાજે છે !
મારે બાગબગીચે રાજ રણુકા વાજે છે !

એનો સૂર સૂણીને રાજ મેહુલો વરસે છે !
ને રસિયાં જનનાં રાજ હૈડાં ધરસે છે !

એની કળા પુરાણી રાજ વિશ્વ વિરાજે છે !
એને માથે છોગું રાજ મનહર નાચે છે !

એને પીંછે નવલખ રાજ તારાં ટમકે છે !
એની આંખે ઝળહળ રાજ ચપળા ચમકે છે !

એની પાસ રસીલી રાજ ઢેલો ઢળકે છે !
ત્યાં રસનાં ઝરણાં રાજ ખળખળ ખળકે છે !

કોયલડીને

(સારંગ–ત્રિતાલ)

તું ગાતીજા સંગીતમનોહર કોયલડી ! (૨) ॥ ધ્રુવ ॥

મારે આંગણુ આંબો મોર્યો છે (૨)
એ મંજરીઓમાં થાતી જા–
સંગીતમનોહર કોયલડી ! તું૦

એ મંજરીઓમાં રસ ભરવા (૨)
રસટહુકાથી છલકાતી જા–
સંગીતમનોહર કોયલડી ! તું૦

છો કંઠે લગી સંગીત – ભરી (૨)
સૂર પંચમથી રેલાતી જા–
સંગીતમનોહર કોયલડી ! તું૦

તારાં ચમકે નેહભર્યાં નેણાં (૨)
એ સ્નેહ – સુધારસ પાતી જા–
સંગીતમનોહર કોયલડી ! તું૦

મારૂં ઉપવન સઘળું તારૂં છે (૨)
ફળ મનગમતાં નિત ખાતી જા–
સંગીતમનોહર કોયલડી ! તું૦

તું વસંતની પટરાણી છો (૨)
શીદ આમ અરે! શરમાતી જા?–
સંગીતમનોહર કોયલડી! તું૦

મુજ અંતર રસનાં ઝરણુ ઝરે! (૨)
હો રસિયણુ રસમાં ન્હાતી જા–
સંગીતમનોહર કોયલડી! તું૦

મોર્યો = ફૂટયો ઉપવન = બગીચો
પંચમ = સ્વરનો એક પ્રકાર રસિયણુ = રસીલી

સોનેરી વીજળી

અંતરે આશાનાં દળ ઉમટે રે (૨)
હૈડું ગાજે ધરીને હર્ષ,
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે!

મુજને લાધે અલૌકિક સોણલાં રે (૨)
એના સુખમય મધુરા સ્પર્શ,
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે!

ઉજ્જવળ આશાની અમૃત વાદળી રે (૨)
દીપે શ્યામ નિરાશા માંહ્ય,
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે!

વિયોગની ઘેરી અંધારી વાટમાં રે (૨)
વ્હાલાં આવે ને ઉડી જાય,
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે!

મોહથી છાયા છવાયા વિશ્વમાં રે (૨)
ઝળકે રવિ શશી પ્રેમળ જ્યોત,
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે!

સૂકે રણુવગડે સંસારમાં રે (૨)
ખળકે અમૃતરસના સ્રોત,
સ્નેહની ચમકે સોનેરી વીજળી રે!

દળ = ઘર લાધે = પ્રાપ્ત થાય, મળે
ઉમટે = ઉભરાય; ઉપડે સ્રોત = પ્રવાહ

મારો ચૉક

(' લે લે મોતી વેરાયલ ચૉકમાં ' એ રાહ)

જો જો પુષ્પો ખીલ્યાં મારા ચૉકમાં !
વાય છે સુગંધી સમીર રાજ–
જો જો ॥ ધ્રુવ ॥

હૃદયકમળ મારૂં ખીલે શત પાંખડી (૨)
નીરખીને નણદીના વીર રાજ–
જો જો

સાસુજી મારાં સુગંધ ભરી માલતી (૨)
નણદલ ગુલાબનું નૂર રાજ–
જો જો

સોનેરી ચંપા શા સસરોજી શોભતા (૨)
જેઠ મારા ડોલર ઘેઘૂર રાજ–
જો જો

દેરાણી જેઠાણી જાઇ જૂઇ વેલડી (૨)
દિયર ખટમોગરાની ખ્હાર રાજ—
જો જો

ચૉક મારો નંદનવન સ્વર્ગ સમું આંગણું (૨)
સદ્ગુણ ને સ્નેહના વિહાર રાજ–
જો જો૦

સમીર = વાયુ
નૂર = તેજ
ઘેઘૂર = ઘટાથી છવાએલ
ઝહાર = ભભકે
નંદનવન = સ્વર્ગનો બગીચો
વિહાર = મોજ મજા

સ્નેહના સાગર

મોંઘા મોંઘા ને વળી મીઠડા રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !
નાવ મારૂં એમાં લહેરાય રે.
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના ! ॥ધ્રુવા॥

પહેલો તે સ્નેહ કુટુંબનો રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !
મારું હૈયું ઉભરાય રે !
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !

પૂજ્ય પિતાજીને નયણ રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !
વીરાનાં મુખ મલકાય રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !

બ્હેન મારી સ્નેહની પુતળી રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !
સહિયરમાં રંગ રેલાય રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !

સ્નેહે આ જગ રળિયામણું રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના !
સ્નેહે પ્રભુને પમાય રે
સાગર, ઉછળે જો સખિ ! સ્નેહના

પ્રેમબંસરી

(હું અં...હોવે...હું તો મારે મહીઅર જાઈશ રંગ મોરલી)

ઘેરી....મધુરી....શી ફૂર ફૂર ગાજે–
અનંત પ્રેમબંસરી (૨) ॥ ધ્રુવ ॥

નાદ શ્રવણ સુણતાં સખિ રે ! (૨)
પ્રાણ પરવશ થઇ જાય–પ્રેમબંસરી; ઘેરી૦

રોમ રોમ ચેતન જાગતું રે (૨)
ઉરે આનંદ નવ માય–પ્રેમબંસરી; ઘેરી૦

દોડું જ્યાં દેખવા બારણે ત્યાં, (૨)
આંગણિયે ધ્વનિ થાય–પ્રેમબંસરી; ઘેરી૦

આંગણ આવું ઉતાવળી ત્યાં, (૨)
મંદિરિયે લહેકાય–પ્રેમબંસરી; ઘેરી૦

મંદિરમાં જઈ પેખતી ત્યાં, (૨)
મુજ ઉરમાં સંભળાય–પ્રેમબંસરી; ઘેરી૦

અંતરમાં જ્યાં સાંભળું ત્યાં, (૨)
અખિલ જગતમાં ગાય–પ્રેમબંસરી; ઘેરી૦

દૂર અતિદૂર તોય પાસળે રે (૨)
અણુ અણુમાં ઉભરાય–પ્રેમબંસરી; ઘેરી૦

સૂરત છઇ જે સાંભળે તે, (૨)
મસ્ત મગન બની જાય–પ્રેમબંસરી; ઘેરી૦

પ્રેમબંસરી= પ્રેમની મધુર ભાવના પાસળે = પાસે
ધ્વનિ = અવાજ સૂરત = ધ્યાન
લહેકાય = હલકથી વાગે મગન = આનંદી

રઢીઆળી રાત

કેવો ઉગ્યો પુનમનો ચંદ્ર,
ચાંદની ખીલી રહી !
ઝરે અમૃતરસ આનંદ,
પોયણી ઝીલી રહી !
ઉણી ઉણી અણોસરી રાત–
આજ અજવાળી થઇ !
કેવી ચકોરી થઇ રળિયાત–
ચંદ્ર નિહાળી રહી !
કેવાં સરિતામાં સાગરપૂર–
મસ્તી ખેલી રહ્યાં
શાં ધરતીએ આભનાં નૂર–
ઉજળાં રેલી રહ્યાં !
કેવાં ચંપો ને નાગરવેલ–
મીઠડી વાતો કરે !
લઇ સંગે સોહાગણ ઢેલ–
મોર કુલાતો ફરે !
કેવી સારસડાંની જોડ–
સુંદર શોભી રહી !
એ તો કંઇ કંઇ કરતી કોડ–
મનડાં લોભી રહી !

પેલાં હંસલાં સરવર તીર–
ચાંચુડી ચાંચે ઘસે !
જોઈ તારલા ઉંડે નીર–
ગુપચુપ નાચે હસે !
કેવી મોગરા સંગે વેલ–
માલતી ફૂલી રહી !
એને ફૂલડે કરતી ગેલ
ચાંદની ઝૂલી રહી !
વળા વાયુ મધુરા સાથ–
વાદળી ફેરા ફરે !
પડી એને પાલવડે ભાત–
તેજનાં ઝેરાં ઝરે !
અહા શી રૂઢીઆળી રાત–
રૂપમાં માતી નથી !
આજ એના આનંદની વાત–
મુખથી થાતી નથી !

અખિલ = સમગ્ર; આખું
પોયણી = ચંદ્રકમળનો છોડ
ઉણી = ઉણપવાળી
અણોસરી = ઉણપની ભાવનાથી અસંતુષ્ટ; વીલી
રળિયાત = રાજી
સોહાગણ = સૌભાગ્યવાળી
કોડ = મનોરથ
સરવર = સરોવર
ગેલ = રમત
પાલવડો = સાળુનો છેડો
ઝેરાં = ઝાપટાં; વરસાદ
રૂઢીયાળી = રૂપાળી

સહજ આનંદ

(ઝીણા ઝરમર વરસે મેહ..)

સખિ ! હૈડામાં હર્ષ ના સમાય,
ગાજે મારૂં મંદિરિયું;
સખિ ! ગાન પરમ પ્રેમનાં ગવાય,
ગાજે મારૂં મંદિરિયું. ॥ ધ્રુવ ॥

પ્રેમમગન રસમાતી આંખડીએ–
ઘૂમું હું ઘરમાં ઘેલી રે;
વ્હાલાંને જોઇ રસસાગરમાં ઝીલતી,
રોમરોમ ખીલતી સાહેલી !
ગાજે મારૂં મંદિરિયું—સખિ૦

ચમકે શી ચાંદની રૂપેરી ચોકમાં–
ચઢ્યો પૂનમનો ચંદ્ર રે;
કોઇ કોઇ તેજસ્વી તારલા ટમકે,
ધમકે ઉર સ્નેહ–સુગંધ;
ગાજે મારૂં મંદિરિયું—સખિ૦

ઉત્સવનાં જાગરણ મારે સાહેલી,
જગત ભલેને ઘોરે રે;
આશાનું પાત્ર ભર્યું પૂર્ણ છલકાય છે,
રસ ઉભરાય ચહુકોરે;
ગાજે મારૂં મંદિરિયું.—સખિ૦

સ્નેહસુધા — ઘન વરસે પરસ્પર,
અલકે વદન મંદમંદરે;
જીવનનાં નૂર સખિ ! નેણાંમાં નીતરે
અંતરમાં સહજ—આનંદ;
ગાજે આરૂં મંદિરિયું—સખિ૦

પ્રેમમગન = પ્રેમથી પ્રસન્ન
રસમાતી = રસમાં મસ્ત
ધમકે = ફોરે; ભભકે
સ્નેહ સુગંધ = પ્રેમભાવ
સહજ આનંદ= સ્વાભાવિક આનંદ

કુમારિકા

ગૃહજીવનને રસહિંડોળે–
માતપિતાનાં વરસે નૂર,
રમ્ય પ્રતિમા એમાં રમતી,
રેલવતી રસગીત મધુર;
જાણે સ્વર્ગીય સારિકા,
જય ધન્ય ધન્ય કુમારિકા !

ઉજાળવા ગૃહ–આશ્રમ સૂનાં–
રચવા જીવનરાસ અનુપ,
શરચ્ચંદ્રની વિમલ ચંદ્રિકા–
વ્યોમ થકી ઉતરી ધરી રૂપ;
પ્રેમ તણી જપમાલિકા
જય ધન્ય ધન્ય કુમારિકા !

હિમગિરિ આંગણ ખલકતી સુરસરી–
નિર્મળ જળનાં નૃત્ય કરી,
પિતુગૃહમાં રમઝમતી એવી,
લેતી સહુનાં ચિત્ત હરી;
કુલની મંગલ–કારિકા
જય ધન્ય ધન્ય કુમારિકા ।

માતાની એ મૂર્ત પ્રતિભા–
સમાજને સાગર તરતી,
સેવાના મંત્રો મુખ જપતી–
સ્નેહે જગને વશ કરતી
પૂજ્ય અહો પરિચારિકા !
જય ધન્ય ધન્ય કુમારિકા !

શરમતણી શુભ છાંય રૂપેરી–
કપોલની લાલી પર લસે !
સખી–લજ્જા ને સુંદરતા ત્યાં–
મળી પરસ્પર હાસ્ય હસે !
સ્મિતમુખ શોકનિવારિકા !
જય ધન્ય ધન્ય કુમારિકા !

પુનિત જ્યોત દૃગ જલે નિરંતર–
વિકૃત ભાવો ભસ્મ કરી,
સુંદર તન ઢાંકયું મરજાદે—
નૂર રહ્યું એમાં નીતરી;
સરસ્વતી સાંસારિકા
જય ધન્ય ધન્ય કુમારિકા !

શ્રેષ્ઠ વિધાતા દિનમણિ સરખા–
સ્વયંપ્રકાશિત ગ્રહગણની–
નભગંગા શી જ્વલંત દેવી,
ભાવિ સજ્જનની જનની;
માનવરત્ન—નિહારિકા !
જય ધન્ય ધન્ય કુમારિકા !

સારિકા	= મેના	કપોલ	= ગાલ
શરચ્ચંદ્ર	= શરદઋતુનો ચંદ્ર	લસે	= રમે
વ્યોમ	= આકાશ	સ્મિતમુખ	=હસતા મુખવાળી
જપમાલિકા	=જપ કરવાની માળા	વિકૃત	= વિકારવાળા
હિમગિરિ	= હિમાલય	સાંસારિકા	= સંસારની
સુરસરી	= ગંગા	વિધાતા	= બનાવનાર
મંગલકારિકા	=મંગલ કરનારી	જ્વલંત	= પ્રકાશમાન
મૂર્ત	= મૂર્તિમાન	ભાવિ	= ભવિષ્યના
પ્રતિભા	= કાંતિ	નિહારિકા	= ગ્રહો બનાવનાર વસ્તુ

ગૃહિણી

સરલ સુભગ સ્મિત હસિત વદન પર–
લજ્જા ધરતી કુલવંતી,
કોમળ મીઠે કંઠે ગજવતી–
ગીત મધુરાં ગુણવંતી;
નયને પ્રણયઅમી વરસે;
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

ગૌર ગુલાબી કાંતિ તનની,
મુખ પર લાલી લલિત રમે;
ચિત્ત પ્રસન્ન પ્રફુલ્લિત હૈડું
શીલ સ્વભાવે શિર નમે !
સતીઓનાં જ્યાં સ્મરણ વસે–
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

સ્વચ્છ સુઘડ આરોગ્યમનોહર–
ચતુરા નિશદિન ચમકંતી,
પહાડના પડછંદા જેવી–
ધરતી ઉપર ધમકંતી !
મુખડે ગંભીર હાસ્ય હસે !
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

શાણી ગૃહની રાણી તોયે–
રહેતી સેવા તત્પર શી !
વિનય તણાં પુર વહેતાં હૈયે–
મલકાતી પતિપદ સ્પર્શી;
પતિવ્રત જેનું જીવન રસે
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

સજ્જનમાં મૃદુ પુષ્પકળી શી–
નિજ પરિમલથી પ્રસરાતી,
દુર્જન દેખી સિંહણ સરખી–
અંતરમાં એ અકળાતી;
સુરુચિ હૃદય સદૈવ વસે;
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે

શુભ શણગાર સજી મરજાદે–
મલપતી ગૃહલક્ષ્મી જાણે !
રૂપ જણાવા જગને કદિ ના–
એ આછા ભભકા માણે;
કંથ રીઝાવતી રસિક રસે;
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

જીવનના રસ મધુરા ઝરતી,
બાલુડાંની કલ્પલતા;
કુળ–આંબાની મીઠી કોયલ,
ટહુકા કરતી મનગમતા;
શાં સહકારે ઉર વિકસે !
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

નમ્ર વચન સુખ ભાવે ભીંજ્યું,
હૈડામાં હુલ્લાસ વસ્યો;
ગુણિયલનો સોહાગ અનેરો–
દીપે કુળના દીપક શો !
દર્શનથી દુઃખ દૂર ખસે !
ગૃહ ધન્ય જહાં ગૃહિણી વિલસે !

પરિચારિકા = સેવિકા
સુભગ = સુંદર
પ્રણયઅમી = પ્રેમનું અમૃત
વિલસે = રમે
આરોગ્ય મનોહર = તંદુરસ્તીથી સુંદર
રસે = ઢોળ ચડાવે
પરિમલ = સુગંધ
સદૈવ = હમેશાં
માણે = ભોગવે
કલ્પલતા = ઇચ્છિત આપનારી વેલી
સહકારે = પરસ્પરની મદદથી
સોહાગ = સૌભાગ્ય

જનની

કાળચક્ર જ્યાં ઘૂમે કારમું—
ઉછાળતું ભવસાગર પંક,
ફેંક્યો એમાં નિધિએ ત્યારે—
જેણે મુજને ઝીલ્યો અંક !
સુંદર હોડી દીધી તનની !
જગમાં જુગજુગ જીવો જનની !

અંગ નીચોવી અમૃત પાયાં—
ગાયાં ગીત શી મધુર છટા !
ઘેરૂં ગર્જી ઝરતી જાણે—
અષાઢની એ અભ્રઘટા !
અખૂટ તળાવડી પ્રેમતણી—
જગમાં જુગજુગ જીવો જનની !

જગદીશ્વરની કરુણામૂરત—
વહેતી વત્સલતાનાં પૂર !
સંસ્કારોની જીવંત સરિતા—
પ્રેમે અદ્ભુત પાતી નૂર;
પ્રિય કામદ્ઘા વિશ્વંભરની—
જગમાં જુગજુગ જીવો જનની !

દીપતી કુળના ગૌરવ જેવી—
કેવી નિર્મળ સૌમ્ય અનુપ !

વિશ્વ વિષે નહિ વસ્તુ એવી–
દેવી શી જગદંબ સ્વરૂપ !
ઉદ્ધણ પાવડી પ્રભુ પથની–
જગમાં જુગજુગ જીવો જનની !

એ જપ તપ સૌ સાધનનું બળ–
યોગ–યજ્ઞનું શ્રદ્ધાસ્થાન;
ઉત્તમ જંગમ તીર્થ જગતમાં–
પરિચર્યાને યોગ્ય મહાન,
પ્રાપ્તિ સકલ તીર્થાટનની–
જગમાં જુગજુગ જીવો જનની !

એ હસતી ત્યાં જગ હસી પડતું–
દેવ વરસતા મોંઘે ફૂલ
હાલરડાંની મધુરી હલકે–
સ્તબ્ધ થતાં સૌ સાગરકુલ;
સુધારસ – વેલડી જીવનની–
જગમાં જુગજુગ જીવો જનની

એને દુઃખે ધરણી કંપે,
નિઃશ્વાસે ઢાકે ત્રણ લોક,
ટપકે એનું આંસુડું તો–
ઉભરાતો બ્રહ્માંડે શોક !
તોય અખંડ ક્ષમાકરણી !
જગમાં જુગજુગ જીવો જનની !

પ્રેમ તનુજનો પિતા તજે પણ–
અંતર પ્રેમે એ દ્રવતી,
પુત્ર કુપુત્ર–કૃતઘ્ન બને પણ–
'ન કુમાતા ક્વચિદપિ ભવતિ'
પ્રિય એક સખાવત પ્રાણ તણી !
જગમાં જુગજુગ જીવો જનની !

નયણેથી અમૃતરસ ઝરતી,
મુખ ઉચ્ચરતી ખમા ખમા,
નિજ દુઃખ હૈડામાં સંઘરતી,
ગળતી ઘુંટડા કે વસમા !
કયમ કોઈ શકે ક્ષણ માત બની ?
જગમાં જુગજુગ જીવો જનની

કાળચક્ર	= સમયરૂપી ચક્ર	ગૌરવ	= મહિમા
કારમું	= ભયંકર	સૌમ્ય	= શાંત
પંક	= કાદવ	જગદંબા	= જગતની માતા
વિધિ	= દૈવ	પરિચર્યા	= સેવા
અંક	= ખોળો	સાગરકુલ	= બધા જ સમુદ્રો
અભ્રઘટા	= વાદળાંની ઘટા	તનુજ	= સંતાન
કરુણામૂરત	= કરુણાની મૂર્તિ	કૃતઘ્ન	= ઉપકારને ન જાણનાર
વત્સલતા	= સંતાન તરફનો પ્રેમ	કુમાતા	= નઠારી માતા
		ક્વચિદપિ	= ક્યારે પણ
કામદુઘા	= ઇચ્છેલું આપનારી ગાય	ભવતિ	= થાય છે
		સખાવત	= દાન